ડીસામાં ધર્મગુરૂના ભાષણનો વિવાદ

પરસ્પર બે જુથો વચ્ચે અથડામણમાં બે ઘાયલ, ૧૩ની અટકાયત

ડીસા, તા. ૧૮

ડીસાના લઘુમતી વિસ્તાર એવા છોટાપુરા ગવાડી માં ગતરાત્રે મુસ્લીમ સમાજના ધર્મગુરૂનું ધાર્મિક પ્રવચન રાખવામાં આવ્યું હતું. બેગ્લોરથી ખાસ આવેલા ધર્મગુરૂએ તેમની માન્યતા મુજબના કેટલાક ધાર્મક અવતરણો ટાંકી પોતાનુ મંતવ્ય રજુ કરતા આ ધર્મસભા સમાન સંમેલન તોફાની બન્યુ હતું. અને આજ વિસ્તારમાં રહેતા અને ધાર્મિક બાબતોમાં અન્યો કરતા અલગ માન્યતા ધરાવતા લઘુમતી કોમના કેટલાક લોકો આ પ્રવચનથી નારાજ થયા હતા.

જે બાદ બંન્ને ભીન્ન વિચારસરણી ધરાવતા જુથો આમને સામને આવી ગયા હતા. જેથી આ સમગ્ર સભા તોફાની બની હતી. રાત્રીના અંધકારમાં ઉશ્કેરાયેલા તત્વોને મોકળુ મેદાન મળતા તેઓએ એક બીજા પર પથ્થર મારો કર્યો હતો. તેમજ છુટાહાથની મારામારી પણ કરી હતી. અંદાજીત એક કલાક સુધી ચાલેલ આ જુથ અથડામણમાં થયેલ પથ્થર મારા અને મારામારીથી બે વ્યકિતઓને ગંભીર ઈજાઓ થઈ હતી. જયારે અનેક ગાડીઓના કાચ ફુટયા હતા. અને. વાહનોને નુકશાન થયુ હતું. જે બાદ આ મામલે પીડીત ઈકબાલભાઈ ઈસ્માઈલભાઈ શેખ રહે.છોટાપુરા ગવાડી-ડીસા વાળાઓએ ડીસા શહેર પોલીસ મથકે ફરસ્ટ ગુન્હા રજીસ્ટર નં-૫૬ વર્ષ-૨૦૧૩ આઈ.પી.સી.કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૪૩૭ વિગેરે મુજબ ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ૧૩ આરોપીઓ સહીત ૫૦ના ટોળા સામે ગુનો દાખલ કરી તાત્કાલીક તપાસ હાથ ધરી હતી.

આ મામલે શહેર પી.આઈ-આર.એમ.ભદોરીયાએ આરોપી સકીલ જમાલઉદીન શેખ, તારીક રફીક શેખ, ઈમ્તીયાઝ અનવરભાઈ શેખ, ઈરફાન ઈકબમલભાઈ શેખ , મોસીન ઉર્ફે ભુરાભાઈ શેખ, ઈમ્તીયાઝ બસ્તર શેખ , ફૈયઝાન મુનાવર શેખ, મકસુદ શેખ, મહંમદ ઈબ્રાહીમ શેખ, જાકિર ફકીર મહંમદ શેખ, સિરાઝ સલીમ શેખ, રફીક ગુલાબ શેખની વિધીસર ધરપકડ કરી હતી. આ સમગ્ર ઘટનાથી જીલ્લા પોલીસ વડાની સીધી સુચનાથી શહેર પોલીસે અન્ય કોઈ અનિચ્છનીય બનાવ નબને તે માટે ચાપતો પોલીસ બંદોબસ્ત ગોઠવેલ છે.

જિલ્લા પંચાયતમાં વિપરીત સંજોગો વચ્ચે કોંગ્રેસની વાસણા જુના ડીસા બેઠક પર જીત

ડીસા, તા. ૧૮

બનાસકાંઠા જીલ્લા પંચાયતની તાજેતરમાં યોજાયેલી ચુંટણીઓમાં કોંગ્રેસે ૨૮ બેઠકો જયારે ભાજપે ૨૬ બેઠકો પર વિજય મેળવ્યો હતો. જો કે વાસણા જુનાડીસા બેઠક પર ચુંટણી લડી રહેલા ભાજપના કાનાભાઈ મલાભાઈ દેસાઈનું અકસ્માતમાં મોત થતા આ બેઠકની ચૂંટણી મુલત્વી રહી હતી. જે બાદ રવીવારના રોજ આ બેઠકની યોજાયેલ પેટા ચૂંટણીમાં મતદારોએ પર.૫૮ ટકા જેટલું મતદાન કર્યું હતું. જેના પરીણામો આજરોજ નાયબ કલેકટર કચેરી-ડીસા ખાતે જાહેર થતા કોંગ્રેસના ખેતાભાઈ જગમાલભાઈ ૨૬૪૭ મતોની સરસાઈથી વિજયી બન્યા હતા.

કોંગ્રેસના ખેતાભાઈ કોલાને કુલ-૮૮૧૯ મતો મળ્યા હતા. જયારે ભાજપના હિરાભાઈ કરશનભાઈ રબારીને ૬૧૭૨ મતો મળ્યા હતા. આ પેટા ચુંટણીમાં એન.સી.પી અને સમાજવાદી પાર્ટીના અન્ય ઉમેદવારોનો દેખાવ ખુબ નબળો રહ્યો હતો. ચુંટણી અધીકારી બી. કે. પટેલે કોંગ્રેસના ખેતાભાઈ જગમાલભાઈ કોલા ને વિજયી જાહેર કરતા કોંગ્રેસી કાર્યકરોએ ખુશી વ્યકત કરી એકબીજાને શુભેચ્છાઓ આપી હતી. જો કે વિપરીત સંજોગોમાં કોંગ્રેસની આ જીત મોટી જીત મનાવાઈ રહી છે. કેમ કે તાજેતરના જીલ્લા પંચાયતાના પરીણામોની સ્થિતી જોઈએ તો કોંગ્રેસપક્ષ ૨૮ બેઠકો અને હાલની વાસણા જુનાડીસાની એક બેઠક સાથે ૨૯ બેઠક ધરાવે છે.

જો કે કોંગ્રેસના અગ્રણીય હરોળના અને નાદોત્રો જીલ્લા પંચાયતની બેઠક પરથી વિજેતા બનેલ રાજુભાઈ ધુડાભાઈ જોષી તેમના અન્ય ટેકેદાર એવા ત્રણ જીલ્લા પંચાયતાના સભ્યો સાથે ભાજપમાં જોડાતા ભાજપે ૨૬ સભ્યોના પીઠબળ સાથેનો તેમને જાહેર ટેકો કર્યો હતો અને જીલ્લા પંચાયત પ્રમુખપદની ચુંટણીમાં ભાજપના સમર્થનથી મુળ કોંગ્રેસના રાજુભાઈ જોષી પ્રમુખપદે ચુંટાયા હતા. જેનાથી કોંગ્રેસે બહુમતી મેળવેલ હોવા છતા જીલ્લા પંચાયતમાંથી સતા ગુમાવી હતી. જો કે કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા સભ્યો પર પક્ષાંતર ધારાનો ખતરો મંડરાઈ રહ્યો છે. અને તેઓ પુરતી બહુમતી સાથે ભાજપમાં જોડાયાનુ નિયમ મુજમ સાબિત નહી કરી શકે તો અનેક રાજકીય નવીન સમીકરણો રચાશે તેવુ હાલની સ્થિતીએ બહાર આવેલ છે. પેટાચુંટણીમાં કોંગ્રેસ પક્ષે વિજય ભલે મેળવ્યો હોય પરંતુ સતામાં હાલ ભાજપ હોઈ આ વિજય ક્ષણીક આનંદ આપતો વિજય બની રહેલ છે.

પ્રાંતિજના પ્રશ્નોની વિધાનસભામાં કરેલી રજૂઆત

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ મત વિસ્તારના પ્રશ્નો વિધાનસભા ગૃહમાં મહેસુલ અને માર્ગ અને વિભાગના પ્રશ્નો માંગણીઓ પર બોલતાં પ્રાંતિજ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ગ્રામ પંચાયતોને નર્મદા યોજનાની પીવાની પાઈપલાઈનોથી ગામડાઓમાં આપવામાં આવતા પાણી પર લેવામાં આવતા વેરાને નાબુદ કરી તમામ ગામડાઓની પંચાયતોને મફતમાં પાણી આપવા રજુઆત કરી હતી.

તેમજ મહેસુલ વિભાગમાં પ્રાંતિજ-તલોદ તાલુકાઓમાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવાના જંત્રીના ભાવો માં વિસંગતતા દૂર કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. ગ્રામ કક્ષાએથી અપાતા ૭/૧૨/૮/અ ના જમીનના ઉતારાની લેવાતી ફીની વિસંગતતા દૂર કરવા રજુઆત કરી હતી.

ઉપરાંત તાલુકાઓના પ્લાન તેમજ નોનપ્લાન રસ્તાઓ હજુ પણ લાંબા સમયથી ડામર વગરના છે. તેમજ મુખ્ય માર્ગથી ગ્રામ્ય તરફ જવાના નાના માર્ગો પેવર વગરના, તેમજ વરસોથી મેટલ પડેલા રસ્તાઓ ઉપર તાત્કાલિક પેવરકામ કરી રસ્તાના કામકાજો પૂર્ણ કરવા વિધાનસભા ગૃહમાં ભારે રજુઆત કરી હતી.

તલોદ સહકારી ગ્રાહક ભંડારનો રજતજયંતિ સમારોહ યોજાયો

તલોદ, તા.૧૮

તલોદ સહકારી ગ્રાહક ભંડાર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવે છે. જિલ્લાની પ્રથમ નંબરની આ સંસ્થા છે તેણે ૨૫ વર્ષ પૂર્ણ કરેલ હોઈ સંસ્થાનો રજતજયંતિ મહોત્સવ તલોદ ખાતે સંપન્ન થયો હતો. સને ૧૯૮૭માં સ્થપાયેલ કે જેના ચેરમેન તે વખતે સ્વ. શાંતુભાઈ ચુનીભાઈ પટેલ હતા તે સંસ્થાએ પ્રગતનાં સોપાન સર કરેલ છે. આ સહકારી ગ્રાહક ભંડારમાં વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ, અનાજ-કરિયાણું તેમજ પ્રોવીઝન અને શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે ચોપડા-નોટબુક-કંપાસ-પેન-પેન્સિલ સ્કૂલ બેગ વિગેરેનું વિતરણ થઈ કુલ વેચાણ રૂ. ૪૩,૮૩,૯૬૯ નું થયેલ છે. વધુ માહિતી આપતાં આ સંસ્થાના ચેરમેન સુનિલકુમાર પટેલે કહ્યું કે તા. ૩૧-૩-૧૩ના રોજ સભાસદ ભાઈ બહેનોની સંખ્યા ૧૯૭૨ છે તા. ૩૧ના રોજ શેરભંડોળ ૧,૯૬,૪૪૦ છે. વેપાર વધતાં તે સાલના ૩૮,૪૪,૭૪૭રૂ.થી વધુ અને ચાલુ સાલે ૪૩,૮૩,૯૬૯નું વેચાણ થવા પામેલ છે. આ સંસ્થાનું શેરભંડોળ રૂ. ૧,૯૬,૪૪૦ છે. રીઝર્વ ફંડ રૂ. ૨,૭૭,૦૨૭ નું છે અને પરોપકારી ફંડ રૂ. ૧,૭૭,૫૯૯નું છે. આ સંસ્થાને પ્રગતિ પર લઈ જનાર સંસ્થાના સભાસદો, ગણ, ડીરેકટર, બોર્ડ તેમજ અનેક સહકારી સંસ્થાઓના સહયોગથી આ સંસ્થા પ્રગતિનાં સોપાન સર કરી રહી છે. સૌનો આભાર માનું છું. આ રજતજયંતિ સમારોહનું સમારંભના પ્રમુખનું સ્થાન ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ હાજર રહી શોભાવ્યું હતું. સસ્થાને અને નગરને સાથ અને સહકાર આપવાની તેમણે વાત કરી હતી.

સમારોહના ઉદઘાટક સા.જી.મ.સ. બેંકના ચેરમેન અમીચંદભાઈ પટેલે હાજરી રહી સૌની હાજરીમાં સમારોહનું ઉદઘાટન કર્યું હતું. સ્મૃતિગ્રંથનું વિમોચન કનુભાઈ મણીભાઈ પટેલ કે જેઓ ગુજરાત રાજય, જમીન વિકાસ બેંકના ચેરમેન છે તેઓએ સ્વ. શાંતુભાઈ પટેલનું સ્મૃતિ ચિન્હ તલોદ નગરમાં મુકવા ઉપર ભાર મુકયો હતો. અતિથિ વિશેષમાં કનુભાઈ ચુનીભાઈ પટેલ, સતિષભાઈ શાહ હાજર હતા. સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલનું અને અન્ય મહાનુભાવોનું શાલ ઓઢાડી, ફુલહાર કરી સન્માન કર્યું હતું.

આ રજતજયંતિ સમારોહ પ્રસંગે સી.ડી. પટેલ મહાવિદ્યામંડળ (કોલેજ)ના મંત્રી દિનેશભાઈ શાંતુભાઈ પટેલ, તલોદ નાગરિક સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ ઉપાધ્યાય, તાલુકા પંચાયતના પ્રમુખ બંસીધર મહેતા, તલોદ નગરપાલિકાના નવા વરાયેલા પ્રમુખ પ્રવિણભાઈ પટેલ, સહકારી મંડળીના ચેરમેન બાબુભાઈ ગોપાળભાઈ પટેલ, નમસ્કાર મંડળીના ચેરમેન વિનોદ ગાંધી, આદર્શ મંડળના ચેરમેન મણીભાઈ પટેલ, પૂર્વ નગરપતિ દક્ષાબેન પટેલ વિગેરે મહાનુભાવોએ સમારોહમાં હાજરી આપી સમારોહને શોભાવ્યો હતો.

પ્રાર્થના અને સ્વાગત ગીત ધાધવાસણાની કન્યા સંજુબા ઝાલાએ ગાઈ અને ડાન્સ કરી સૌને મુગ્ધ બનાવી દીધા હતા. આભારવિધિ સંસ્થાના મંત્રી ચેલાભાઈ પટેલે કરી હતી. સંસ્થાના કન્વીનર વાસુદેવભાઈ ભટ્ટ, મેનેજર રામજીભાઈ બી. પટેલ, માનદમંત્રી ચેલાભાઈ પટેલ, પ્રગતિશીલ ખેડૂત શકરાભાઈ રૂપાભાઈ પટેલ, સંસ્થાના વયોવૃધ્ધ વડા ચીમનભાઈ પટેલ વગેરેએ સમારોહને સફળ બનાવવા પ્રયત્નો કર્યા હતા. સંસ્થાનો ચોખ્ખો નફો ૧,૦૭,૫૦૦ રૂ.નો છે. રામજીભાઈ પટેલ, વાસુદેવભાઈ ભટ્ટ અને ચેલાભાઈ પટેલ તેમજ સંસ્થાના ચેરમેન સુનિલભાઈ પટેલે સૌને સન્માન્યા હતા અને સાથ આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

પ્રાંતિજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વળતર નાટક યોજાયું

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી મંગળાબેન ચુનીલાલ દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગુજરાત રાજય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર અને ગુજરાત સંગીત નાટ્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પ્રાંતિજ દ્વારા આયોજીત 'વળતર' નાટક યોજવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે નેશનલ હાઈએ પર આવેલ કમાલપુર ખાતે આવેલ શ્રીમતી મંગળાબેન ચુનીલાલ દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પટાંગણમાં ગતરોજ 'વળતર' દ્વિઅંકી નાટક યોજાયું હતું. જેમાં મોતના વળતરમાં જ જીવનના અવસરને શોધવી કથામાં સામાજીક રાજકિય વ્યવસ્થા પર કટાક્ષ અને દિગ્દર્શક નિમેષ દેસાઈ, આસિસ્ટન્ટ દિગ્દર્શક-વનશ્રી દવે, લેખક ભીષ્મ સહાની, અનુવાદક-સંગીતા શાસ્ત્રી અને કલાકારોમાં નિમેષ દેસાઈ, પાલદાન ગઢવી, યુવરાજ જાડેજા, મહેશ પ્રજાપતિ, કરન વાઘેલા, અભય સોની વગેરે સમાજલક્ષી 'વળતર' નાટક યોજીને પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા એ પ્રેક્ષકોનો પણ આ જમાનામાં નાટક પ્રત્યેનો મોહ જોઈને કલાકારો પણ રંગ અને આનંદમાં છવાઈ ગયા હતા. પ્રાંતિજ કોલેજના વિદ્યાર્થીઓ તથા પ્રાંતિજ શહેરના નગરજનોએ નિહાળ્યું હતું. સાથોસાથ કલાકારોમાં ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે આચાર્ય ડૉ. કામેશ્વર પ્રસાદ, પ્રા. ડૉ. કાન્તીભાઈ પ્રજાપતિ, પ્રા. રાજુભાઈ પંચાલ, મનુભાઈ, પ્રા. સુરેશભાઈ પટેલ, પ્રા. અમીન સાહેબ તથા સમસ્ત કોલેજ પરિવાર દ્વારા સુંદર આયોજન વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને પ્રેક્ષકો દ્વારા નાટક નિહાળવામાં આવ્યું હતું.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સિદ્ધપુરને પવિત્ર યાત્રાધામ જાહેર કરો : બલવંતસિંહ રાજપૂત

સિદ્ધપુર, તા. ૧૮

આજરોજ વિધાનસભા ગૃહમાં સિદ્ધપુર કે જે ભારતભરમાં માતૃગયા સ્થળ તરીકે ગણાય છે તેને ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા માટે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતે તા. ૬-૩-૧૩ના રોજ પ્રશ્ન પૂછ્યો હતો અને પ્રવાસન મંત્રીશ્રીએ આ અંગે જવાબ યોગ્ય અને માંગ્યા પ્રમાણે ન આપતા નિયત-૯૨ મુજબ વિધાનસભા ગૃહમાં વિગતવાર ચર્ચા અને સ્પષ્ટતા માટે અડધા કલાકની ચર્ચા હાથ ધરાઈ હતી.

શ્રી રાજપૂતે વિધાનસભા ગૃહમાં પ્રથમ પૂછેલ કે, સિદ્ધપુરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા માટે કોની કોની રજૂઆતો અને ક્યારે મળી. આ અંગે પ્રવાસન મંત્રીશ્રીએ કોઈ જ જવાબ આપેલ ન હતો. એવી જ રીતે, શ્રી બલવંતસિંહ રાજપૂત દ્વારા પ્રશ્ન કરાયો હતો કે, સરકાર સિદ્ધપુરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા માંગે છે કે કેમ ? તે અંગે મંત્રીશ્રીએ યોગ્ય ઉત્તર ગૃહમાં આપ્યો ન હતો. આની સામે પ્રવાસન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સિદ્ધપુરનું પૌરાણિક, ઐતિહાસિક અને ધાર્મિક અનેરૂ મહત્વ છે. આ સ્થાન છે જ્યાં કપિલમુનિએ એમની માતા દેહુતિને જ્ઞાનનો ઉપદેશ આપીને એમને મોક્ષ પ્રાપ્ત કરાવ્યો છે. અને એ મોક્ષ પ્રાપ્ત થવાને કારણે એ સ્થાને માતા દેહુતિની આંખમાં હર્ષના આંસુ નીકળ્યા હતા. એના કારણે એને બિંદુ સરોવર કહેવામાં આવે છે. ભૂતકાળમાં સરકાર યોજના લઈને આવી હતી જેટલી પણ નદીઓમાં પાણી નથી એમાં પાણી નાંખવામાં આવશે. ભૂતકાળમાં કરોડો રૂપિયા ખર્ચીને પ્લાસ્ટીક પાથરીને સિદ્ધપુરની આ કુંવારીકા સરસ્વતી નદીમાં પાણી નાંખવામાં આવ્યું હતું. આ સરસ્વતી નદીમાં નર્મદાના પાણીનો સંગમ કરાવીને એક અનેરૂ સ્થાન ગુજરાતમાં પુરુ પાડ્યું છે. તે સમયે પણ સરકારે પવિત્ર યાત્રાધામ અંગે જાહેરાત કરી હતી. પરંતુ પ્રવાસન મંત્રીશ્રીએ નિર્દેશ આપ્યો હતો કે આ સન્માનીય ગૃહને મારે જણાવવું છે કે આ સરોવરમાં નર્મદાનું પાણી છે. અને આ દેશના લાખો લોકો માતૃતર્પણ ક્રિયા કરાવવા માટે અહીં આવે છે. વ્હોરા મ્યુઝિયમના સંદર્ભમાં જોઈએ તો એક સિદ્ધપુર, જેમાં વ્હોરા સમાજના લોકોનું કલ્ચર અને આર્ટ, એમના મકાનના આર્ટી ફેક્ટસ, પહેરવેશ, રહેણીકરણી, ખાણી પીણી વગેરે વસ્તુઓ મુકી રાખવાનું નક્કી કરેલ છે. આ મ્યુઝિયમમાં આવતી અલાયદી એન્ટ્રી, ટોયલેટ બ્લોક ઉપરાંત આ સ્થાન માટેની સરકારશ્રીની ચિંતા કરેલી છે.

પ્રવાસન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ ગુજરાતમાં ભાજપની સરકાર આવી ત્યારનો આ યાત્રાધામ વિકાસનો વિચાર આવ્યો છે અને એના આધાર ઉપર આ યાત્રાધામનો વિકાસ કરવામાં આવ્યો છે. અને સિદ્ધપુરનું સ્થાન એ પૌરાણિક અને અત્યંત ધાર્મિક સ્થાન છે. આ અત્યંત પવિત્ર અને ધાર્મિક સ્થાનના વિકાસ માટે આ રાજય સરકારે બિંદુ સરોવરના વિકાસ માટે ૩૫.૧૬ કરોડ ખર્ચ કરેલ છે. પરંતુ મંત્રીશ્રીએ સ્પષ્ટતા સિદ્ધપુરના પવિત્ર યાત્રાધામ અંગે જાહેરાત ના કરતા શ્રી રાજપૂતે સિદ્ધપુરને પવિત્ર યાત્રાધામ જાહેર કરવાની ઉગ્ર માંગણી કરી હતી.

ઈડરમાં સ્વાઈન ફલૂનો પગપેસરો, ૧ કેસ પોઝીટીવ

ઈડર, તા. ૧૮

ઈડર તાલુકાના ઉમેદપુરા ગામના ખેતીકામ કરતા કૌશિકભાઈ રવાભાઈ પટેલ છેલ્લા ૪ દિવસથી તબિયત સારી ન હોવાથી ડૉ. લિમ્બાચીયાના ઈડર ખાતેના દવાખાને સારવાર લેતા હતા. પરંતુ સદર કેસ અમદાવાદ સિવિલમાં ખસેડાયો હતો. જયાં ચકાસણી થતાં સ્વાઈન ફલૂ પોઝીટીવ હોવાનું જણાવ્યું હતું.

બાયડ, મોડાસા, હિંમતનગર અને ઈડરમાં સ્વાઈન ફલૂના પોઝીટીવ કેસ બનતાં જનતામાં હાકાકાર મચી ગયેલ છે. સ્વાઈન ફલૂ કાબુમાં લેવા આરોગ્ય તંત્ર હવામાં હવાતીયાં મારી રહ્યું હોય તેમ જણાય છે.

ધનસુરા ગામે ગટરનું કામકાજ યોગ્ય થાય તેવી ગ્રામજનોની માંગ

ધનસુરા, તા. ૧૮

રાજ્ય સરકારની યોજના મુજબ સમગ્ર ગુજરાતના ગામડામાં ગટર નાખવાની યોજનાને અનુલક્ષીને અત્યારે ગટરના કામ ગામેગામ ચાલી રહ્યા છે. પરંતુ ગટરના કામમાં ટેન્ડર પ્રમાણે કામકાજ થાય તે ગ્રામપંચાયતના અંડર આવતી બાબત છે. અને જો તેમ ના થાય તો કામ અટકાવી દેવા સુધીની સત્તા પંચાયતને આપવામાં આવતી હોય છે. આ પ્રશ્નને અનુરૂપ ધનસુરા નગરમાં છેલ્લા કેટલાય સમયથી ગટરનું કામ ચાલે છે. પરંતુ લોક ફરીયાદ ઉઠવા પામી છે કે આ કામ વ્યવસ્થિત રીતે થઈ રહ્યું નથી.

ધનસુરા નગરમાં ઘણા સમયથી ચાલતુ ગટર યોજનાના કામ વ્યવસ્થિત ન થતાં હોવાની લોકોની ફરિયાદ પ્રત્યે પણ કોઈજ ધ્યાન નથી આવતુ. સ્થાનિક રહિશો પરેશાન થઈ રહ્યા છે. તેમજ ગામના તમામ આર.સી.સી. રોડ જે.સી.બી.થી તોડી આ ખાડા વ્યવસ્થિત પુરવામાં આવતા નથી. આ રોડ અસ્થવ્યસ્થ બની ગયા છે. રોડ ઉપર ઠેરઠેર માટી પથ્થરો રોડ ઉપર જ રહેવા દેવામાં આવ્યા છે. ગ્રામ પંચાતના સરપંચે પણ આ કામ વ્યવસ્થિત ટેન્ડર પ્રમાણે થાય તેમ જણાવેલ પણ તેમની વાત તેમજ ઉપલી અધિકારી સમક્ષ ફરિયાદ કરી છતાં મનસ્વીપણે કામ કરે છે. કોન્ટ્રાક્ટરે ટેન્ડર પ્રમાણે કામ કર્યું ન હોવાનું ગ્રામજનોનું માનવું છે. આ કામની કોલીટી કંટ્રોલ દ્વારા તપાસ થાય તેમ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોની સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧